**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૧ ટકા

# એસ.વી. સ્કૂલમાં નોન-ફાયર કૂકીંગ ટ્રાઈકલર ફૂડ કોમ્પીટિશન




ગાંધીનગર, તા.૧૦

સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.વી. અંગ્રેજી પ્રાયમરી શાળામાં ધોરણ-૫ થી ૮ નાં વિદ્યાર્થીઓ માટે નોન-ફાયર કૂકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાનગીઓ જેવી કે અલગ અલગ પ્રકારના સલાડ ડેકોરેશન, સેન્ડવિચ, ઈડલી, ભેળ આવી ઘણી બધી વાનગીઓ ત્રિરંગાના કલરની બનાવી ખૂબ જ સુંદર પ્રદર્શન કરાયું હતું. જેમાં શાળાનાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતુ. જેનાથી વિદ્યાર્થીઓમાં આગ વગર બનાવવામાં આવતી પોષણયુક્ત ખોરાક ખાવાની જાગરૂકતા વધી હતી.

# ઈસનપુર મોટા સદભાવ પાર્કમાં મેરી માટી મેરા દેશ અંતર્ગત કાર્યક્રમ દ્વારા ઉજવણી કરાઈ



ઈસનપુરમોટા ગામના સદભાવ પાર્કમાં મેરી માટી, મેરા દેશ કાર્યક્રમની ઉજવણી થકી શહીદ વીર વીરાંગનાઓને યાદ તથા સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી મીનાબેન કે. ઠાકોર, ઉપસરપંચ, તલાટી કમ મંત્રી, ગ્રામ આગેવાનો, ગામની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો તથા પદાધિકારીઓ, શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. શરૂઆતમાં વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સૌ લોકો રેલીમાં જોડાયા. કાર્યક્રમમાં પંચપ્રાણ પ્રતિજ્ઞા લેવડાવામાં આવી. શ્રી એમ.બી.પટેલ હોસ્પિટલના મંત્રી રમેશભાઈ બી. પટેલ પ્રસંગોચિત વકતવ્ય આપી કાર્યક્રમની રૂપરેખા આપી. કાર્યક્રમમાં શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું. અંતમાં કલશમાં તમામ ઉપસ્થિત મહાનુભવોના હસ્તે માટી મુકાવી કલશ યાત્રા કાઢવામાં આવી. ભૂતપૂર્વ સરપંચ રમણભાઈ પટેલે કાર્યક્રમના અંતે આભારવિધિ કરી.

# જન્મદિને વધામણી



નાયી કાન્તિલાલ શકરાલાલ
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૨ ૧૧૯૬૩



જતીશ ટાતરીયા
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨



દિલીપ ગજ્જર
સહાયક માહિતી નિયામક



જયપ્રકાશ ભટ્ટ
ટ્રસ્ટી-એએસકે ભાવનગર હાટકેશ્વર મહાદેવ, નાનીબોરૂ



કાવ્યા હડિયા



દર્શિલ ભરતકુમાર વાઘેલા
મો. ૯૯૭૪૪ ૦૯૪૮૧



દિવ્યાની ઈલેશકુમાર વાઘેલા



મિસ્ત્રી ઉષાબેન દશરથભાઈ
રેડક્રોસ ગાંધીનગર



રૂદ્રકુમાર રીન્કેશભાઈ પરમાર
મો.૯૯૧૩૫ ૯૮૯૭૪



દિપેશ દીલીપભાઈ શાહ

# ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં "મોન્સૂન ડે" ની ઉજવણી




સરગાસણની ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં "મોન્સૂન ડે" ની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોએ વરસાદ, વાદળ, મેઘધનુષ છત્રી વગેરે ની શબ્દાવલી કરાવવામાં આવી હતી. સંસ્થાના હેડ ટીચર ટ્વિંકલ નારિયા એ એ બાળકોને વરસાદનું મહત્વ સમજાવી જાગૃત કર્યા હતા. ડિવાઈન જુનિયર ના સ્થાપક શ્રીમતી ગીરાબેન ચૌધરી આવા દરેક કાર્યક્રમો યોજીને બાળકો નો સર્વાંગી વિકાસ કરી રાખ્યા છે.

# અમરાપુર અમરનાથ મંદિરે પુરુષોત્તમ માસમાં શિવધૂન અને ભજનોની રમઝટ



પૂર્ણે પવિત્ર પુરુષોત્તમ માસ માં ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ બાબા બર્ફાની શ્રી અમરનાથ ધામ-(ગાંધીનગર મહુડી રોડ.અમરાપુર) ના પવિત્ર પટાંગણમાં આર્યન યુરેકા સોસાયટી ( ગોતા,અમદાવાદ)ની બહેનોએ ભક્તિમય વાતાવરણમા સંગીતના તાલે શિવધૂન અને ભજનોની રમઝટ બોલાવી " ૐ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ" ના ગગનભેદી નાદથી સમગ્ર નભમંડળને ગુંજવતી જીવનન સાર્થક કરતી ધન્યતા ની લાગણી અનુભવી હતી...જય અમરનાથ



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મેરા દેશ મેરી મિટ્ટી અભિયાન અંતર્ગત આદર્શ નિવાસી શાળા ( અ. જા. કન્યા) સેક્ટર-૮, ગાંધીનગર ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું

# ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોગ અવેરનેસ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

વૈદેહિ રેસીડેન્સિ -૨ (વાવોલ) ખાતે યોગ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો.તેમાં યોગ ટ્રેઈનર સચિનભાઈ, હેતલબેન તેમજ પ્રિયાબેને સુંદર માહિતી આપી સૌને નિયમિત યોગ કરવા અને જોડાવા આહ્વાન કર્યું હતું

# ‘મેરી મિટ્ટી મેરા દેશ’ અંતર્ગત લીંબોદરા હાઈસ્કૂલમાં ગણવેશ તથા ચોપડાઓનું વિતરણ



ગાંધીનગર, તા. ૧૦

‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત ‘મેરી મિટ્ટી મેરા દેશ’ અભિયાન અંતર્ગત વિરોના બલિદાન પ્રસંગે નિવૃત્ત તથા ફરજ ઉપર ચાલુ આર્મી/પોલીસ જવાનોની હાજરીમાં લીંબોદરાની શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં દર વર્ષે હાઈસ્કૂલ તથા લીંબોદરાની તમામ પ્રાથમિક શાળાઓમાં નવા દાખલ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને શ્રી લીંબોદરા સેવા સમાજ તરફથી બે-બે જોડી ગણવેશ તથા અભ્યાસ કરવા માટેના ચોપડા વિનામૂલ્યે આપવામાં આવે છે. તેમ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન આજના કાર્યક્રમમાં ડેપ્યુટી સરપંચ હર્ષવર્ધનસિંહ વાઘેલા તથા ટ્રસ્ટી શ્રીમતિ આશિનીબેન તથા પૂર્વ સરપંચ રણજીતસિંહ વાઘેલાના હસ્તે ગામના અગ્રગણ્ય વડીલો તથા નાગરીકો અને નિવૃત્ત ફરજ ઉપર ચાલુ આર્મી/પોલીસ જવાનોની હાજરીમાં ગણવેશ તથા ચોપડાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું સાથે સાથે ગણવેશ તથા ચોપડાઓના વિતરણ બદલ શાળાના આચાર્ય તેજસિંહ પરમાર દ્વારા તમામ શાળાઓ વતીથી શ્રી લીંબોદરા સેવા સમાજના ટ્રસ્ટીગણનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં સેમિનાર યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડીયમ બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ “G-20 and Hon’ble Prime Minister’s Vision: Young India Strong India” વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં તજજ્ઞ તરીકે ડૉ. નંદકિશોર પીપલકરે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન દેશને મહાશક્તિ બનાવવા માટે યુવાનોની જવાબદારી, જી-૨૦માં ભારતની અમૂલ્ય સહભાગીદારી તેમજ યુવાનોએ દેશના વિકાસમાં ઊંચા શિખરો સર કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ તે માટે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન ડૉ. તૃપ્તિબેન ઉપાધ્યાય અને ડૉ. નંદકિશોર પીપલકરે કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના બંને કોલેજોના એચ.ઓ.ડી. ડૉ. સુનીતાબેન લીલાણી અને ડૉ. કુસુમબેન યાદવ ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ ગામે મેરી માટી મેરા દેશ કાર્યક્રમની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૦

અડાલજ તા. ૯-૮-૨૦૨૩ના રોજ અડાલજ ખાતે ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અભિયાન અને ‘મેરી માટી મેરા દેશ’ કાર્યક્રમ અંતર્ગત શહીદવીરોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી તથા ‘વીરોકા વંદન’ કાર્યક્રમ અંતર્ગત દેશ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરનારને સન્માનિત કરવામાં આવ્યા હતા. અડાલજ ખાતેના આ કાર્યક્રમમાં સરપંચ અડાલજ શ્રીમતી બિનીતાબેન પટેલ, ઉપ સરપંચ અડાલજ ચંદુભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્યો, તલાટી કમ મંત્રી દર્શન શાહ, ચંદ્રિકાબેન મુંગરા, ગામ આગેવાન પ્રજ્ઞેશભાઈ (લાલભાઈ) પટેલ, તાલુકા પંચાયત અ.મ.ઈ. અને ગામના તમામ વિભાગના કર્મચારીગણ ઉપસ્થિત રહેલ હતા.

# પુરૂષોત્તમ ભગવાનની પૂજાની હરિફાઈ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

સંસ્કૃતિ મહિલા પરિવારે પવિત્ર અધિકમાસમાં અધિકમાસની પુરષોત્તમ ભગવાનની પૂજાની હરિફાઈ બાલાહનુમાન સેક્ટર-૨ ખાતે યોજી હતી. તેમાં પારૂલબેન મહેતાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રમુખ શ્રીમતિ પ્રતિભાબેન દવેએ કર્યુ હતુ. મીનાક્ષીબેન દ્વારા સ્પર્ધકોને ટોકન ઈનામ આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે નર્મદાબેન પટેલ, હીનાબેન સથવારા, મીનાક્ષીબેન પારેખ અને ઉષાબેન ભટ્ટ વિજયી થયા હતા.

આ કાર્યક્રમ અધિક માસની પુજાવિધિ તેમજ તેના ભજનો સ્તુતિની જાગૃતિ માટે યોજવામાં આવ્યો હતો. હજી ઘણી બહેનોને આ પૂજાવિધિથી અજાણ હોય છે તેથી આપણા તહેવારોની સારી જાણ થાય અને બહેનોનો ઉત્સાહ વધે તેવો હેતુ હતો.

# સે. ૧૬માં મહારાણા પ્રતાપ સ્કૂલ ખાતે એલઆઈસીનું વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૧૦

એલઆઈસી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર શાખા અને મહારાણા પ્રતાપ સ્કૂલ, સેક્ટર-૧૬ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કોલેજના એનએસએસ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં સંજય જાંગીડ (સિનીયર બ્રાન્ચ મેનેજર), દેવેન્દ્ર જાની (સહાયક બ્રાન્ચ મેનેજર) અને મનોજ પાત્રા ડેવલપમેન્ટ ઓફિસર હાજર રહ્યા હતા.

# સેકટર-૨૩માં શ્રી અરવિંદની ૧૫૧મી જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૦

આગામી તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૨૩ (મંગળવાર)ના રોજ શ્રી અરવિંદના ૧૫૧માં જન્મદિવસ નિમિત્તે શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સવારે ૧૦ થી ૧૧ દરમિયાન ધ્યાન, પ્રાર્થના, વાંચન, ભાવગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. શહેરના નાગરિકોને પધારવા નિમંત્રણ આપવામાં આવ્યું છે. વધુમાં જણાવવાનું કે કાર્યક્રમમાં શ્રી અરવિંદ તથા શ્રીમાતાજીનું કેટલુંક સાહિત્ય વિગેરેનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે.

# શક્તિસદન-માતૃછાયા ખાતે ‘મારી માટી, મારો દેશ’ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે શક્તિ સદન-માતૃછાયા ખાતે ‘મેરી માટી મેરા દેશ’ અંતર્ગત સંસ્થાની બધી બહેનોએ શપથ લીધા હતા તેમજ નારી વંદના સપ્તાહ અંતર્ગત બધી બહેનો માટે નાયબ નિયામક બાગાયત ગાંધીનગર તરફથી જામ, કેચપ, અથાણા ને શરબત બનાવવાનો બે દિવસનો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં પૂર્વ કોર્પોરેટર શ્રીમતિ હર્ષાબા, સંસ્થાના ચેરમેન શ્રીમતિ શર્મિષ્ઠાબેન, શ્રીમતિ મંજુલાબેન તેમજ સ્ટાફ પરિવાર હાજર રહ્યો હતો.

# જે.એમ. ચૌધરી મા. વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ



જે.એમ. ચૌધરી માધ્યમિક વિદ્યાલય ખાતે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોની વર્ગ મોનિટર, વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિના મંત્રી અને શાળાના પ્રમુખ, ઉપપ્રમુખની નિમણુંક કરવામાં આવી હતી. શાળાના પી.ટી. શિક્ષણ અને સમગ્ર સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓની જવાબદારી-કામગીરીની માહિતી આપી હતી. શાળાના આચાર્ય પ્રવિણાબેન કે. ચૌધરીએ વિદ્યાર્થીઓમાં નૈતિક ગુણોનો વિકાસ થાય તે માટે આર્શીવચન આપેલ હતા.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજામાં તા-૦૯-૦૮-૨૦૨૩ને બુધવારના રોજ વસુધૈવ કુટુંબકમ અર્થાત વિશ્વ એક પરિવાર છે તેના પર જાગૃતિ લાવવા માટે રેલી કાઢવામાં આવી હતી અને રંગોલી સ્પર્ધા રાખવામાં આવી હતી.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- પટેલ કાન્તિભાઈ અંબાલાલ ઉ.વ.૭૩, ભાદોલ, તા.કલોલ
- સ્વ.સોલંકી નનીબેન શકરાભાઈ ઉ.વ.૭૦, ગીયોડ
- સ્વ.ઠાકોર બાબુજી મંગાજી ઉ.વ.૬૩, પ્રાંતિયા



પવિત્ર પુરષોત્તમ માસમાં સે. ૨૨માં શ્રેયસ સોસાયટીની સત્સંગ મંડળની બહેનોએ લાલ કલરના વસ્ત્રો પહેરી ગોપીઓ બની ૨૧૦૦૦ વિષ્ણુસહસ્ત્ર નામાવલી ઉચ્ચારણ તુલસીના પાન અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં યજમાન તરીકે દેવ પંડ્યા અને નીજલ પંડ્યા બેઠા છે. સમગ્ર કાર્યક્રમ આયોજન સોનિયાબેન વ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે.



ગુજરાત ભાવસાર યુવા વિકાસ મંડળ તથા નારણપુરા ભાવસાર સમાજના સંયુક્ત ઉપક્રમે અધિક માસમાં ધાર્મિક પ્રવાસ યોજાયો. જેમાં કાયાવરોહણ, નારેશ્વર રંગ અવધુત મહારાજ, માલસર પંચમુખી હનુમાનજીના દર્શન, નર્મદા નદીમાં ભાઈઓ-બહેનોનું સ્નાન, કુબેર ભંડારી, પોઈચામાં સ્વામીનારાયણ મંદિરના દર્શન વગેરે સ્થળોની સમાજના વડીલોએ ઉત્સાભેર પ્રવાસનો આનંદ માણ્યો હતો.